Included in the UGC Approved List of Journals

SAHITYASETU
ISSN: 2249-2372
A Peer-Reviewed Literary e-journal

Website: http://www.sahityasetu.co.in

Year-8, Issue-2, Continuous Issue-44, March-April 2018

# ઝંખના

રક્તના એકે એક બુંદમાં
ધોળાઈને પરિપક્વ
બનેલી વ્યથાઓ
ફૂટી નીકળી છે રૂંવે રૂંવે ,
વૈશાખી બપોર હોય
ને
એમાંય અનંત
પ્રસરાયેલા રણ-વચાળે
પ્યાસા હોઠ વલવલતા હોય
એવી જ હાલત છે રોમેરોમની !!
આંખો જેવું હોય તો હું રડું ને ,
હવે
છે બધું અંધકારમય ,
છે હા પ્રલયમય...
અગણિત અરમાનોના ડુંગરા
નિસ્તલ રણની રેતી બનવા
આતુર બન્યા છે .
મૃત્યુને કિનારે
નિષ્કાન્ત જિંદગીય
થતી જાય છે શૂન્યસ્થ !
હું
થઈ જાઉં નામશેષ

એ પહેલાં

તું પાસે આવીને

બે શબ્દો

વહાલના સંભળાવ ,

હે આથમેલ અંશ .....

નહિતો

મૃત્યુ બાદ પણ

તરફડતો રહીશ

નિશિત, નિ:શબ્દ બની

લીલાંછમ્મ શબ્દો કાજે ........!!

---

શબ્દાર્થ

- નિસ્તલ - તળિયા વિનાનું
- નિષ્ક્રાન્ત - ચાલ્યું ગયેલું ,નીકળી ગયેલું
- નિશિત -તીક્ષ્ણ

---

ગુણવંત ઠાકોર ' શિવમ્ કહોડાકર', મોટો ઠાકોરવાસ, મુ.પો.- કહોડા, તા- ઉંઝા, જિ- મહેસાણા,પીન-૩૮૪૧૩૦.(ઉ.ગુ.) ઈ.મેઈલ :-

gp1491981kahoda@gmail.com

sahityasetu.co.in